RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૬૫૧ તા.૨૪–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રીમતિ કૈલાસબેન ઈશ્વરભાઈપટેલ
સામાવાળા :– ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–રાંદેરઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી કૈલાસબેન ઈશ્વરલાલ પટેલની તા. ૦૪–૦૧–૧૨ની અરજીથી મોજે : જહાંગીરપુરાના રે.સ.નં. ૧૦૦/૪, બ્લોક નં. ૧૧૬ના જમીનમાં નામદાર કોર્ટના તા. ૨૨–૧૨–૦૬ ના હુકમ મુજબ યથાવત સ્થિતિ" જાળવવા બાબત. ઉપરની જમીન બાબતે મારી તા. ૧૧–૧૦–૧૦, તા.૦૫–૧૨–૧૧, તા.૦૭–૧૨–૧૧ તથા ઓન લાઈન ફરીયાદ નં. ૯૯૯/૫૨૦૧૧૩૩૩૪, તા. ૧૨–૧૨–૧૧ તથા ૯૯૯/ ૫૨૦૧૧૩૪૨૮, તા. ૨૦–૧૨–૧૧ રોજની નોટીસ/ ફરીયાદ તે સંદર્ભમાં થયેલ રીપોર્ટની કોપી આપવી અને વેસ્ટ ઝોન તરફથી બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૭ (૧) અને ૨૬૭ (૨) મુજબ આપવામાં આવેલ કારણદર્શક નોટીસ કે મનાઈ કે અન્ય નોટીસ આપી હોય તો તેની નકલો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૫૧/૨૦૧૧–૧૨

શ્રીમતી કૈલાસબેન ઈશ્વરલાલ પટેલની તા. ૦૪–૦૧–૧૨ની અરજીથી મોજે : જહાંગીરપુરાના રે.સ.નં. ૧૦૦/૪, બ્લોક નં. ૧૧૬ના જમીનમાં નામદાર કોર્ટના તા. ૨૨–૧૨–૦૬ના હુકમ મુજબ યથાવત સ્થિતિ" જાળવવા બાબત. ઉપરની જમીન બાબતે મારી તા. ૧૧–૧૦–૧૦, તા. ૦૫–૧૨–૧૧, તા. ૦૭–૧૨–૧૧ તથા ઓન લાઈન ફરીયાદ નં. ૯૯૯/૫૨૦૧૧૩૩૩૪, તા. ૧૨–૧૨–૧૧ તથા ૯૯૯/૫૨૦૧૧૩૪૨૮, તા. ૨૦–૧૨–૧૧ રોજની નોટીસ/ફરીયાદ તે સંદર્ભમાં થયેલ રીપોર્ટની કોપી અને વેસ્ટ ઝોન તરફથી બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૭(૧) અને ૨૬૭(૨) મુજબ આપવામાં આવેલ કારણદર્શક નોટીસ કે મનાઈ કે અન્ય કોઈ નોટીસ આપી હોય તો તેની નકલ આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ/આઉટવર્ડ નં./૯૫૩ તા. ૧૩–૦૧–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા સાથે સંદર્ભમાં નિર્દિષ્ટ અરજીઓ અંગે થયેલ–નહીં થયેલ કાર્યવાહીની વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/ ૧૯૨૦ તા. ૫–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને મૂળ માહિતી માંગતી અરજીથી માંગેલ વિગતો જણાવેલ ન હોઈ તે તથા ફી ની વિગતો પણ જણાવેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૧૧૯૮ તા. ૧૭–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારની મૂળ અરજીની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આઉટ વર્ડ/નં. ૯૫૩ તા. ૧૩–૧–૧૨ થી અરજદારની આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૧૩–૩–૧૨ના પૂરક પત્રથી મૂળ અરજીની નકલ, ફી ભર્યા રસીદની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૦૪–૦૧–૧૨ની અરજીથી મોજે : જહાંગીરપુરાના રે.સ.નં. ૧૦૦/૪, બ્લોક નં. ૧૧૬ના જમીનમાં નામદાર કોર્ટના તા. ૨૨–૧૨–૦૬ના હુકમ મુજબ યથાવત સ્થિતિ" જાળવવા બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે મળેલ માહિતીથી નારાજ થઈ તા. ૨૪–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં ઉપરની જમીન બાબતે મારી તા. ૧૧–૧૦–૧૦,

તા. ૦૫–૧૨–૧૧, તા. ૦૭–૧૨–૧૧ તથા ઓન લાઈન ફરીયાદ નં. ૯૯૯/૫૨૦૧૧૩૩૩૪, તા. ૧૨–૧૨–૧૧ તથા ૯૯૯/૫૨૦૧૧૩૪૨૮, તા. ૨૦–૧૨–૧૧ રોજની નોટીસ/ફરીયાદ તે સંદર્ભમાં થયેલ રીપોર્ટની કોપી અને વેસ્ટ ઝોન તરફથી બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૭(૧) અને ૨૬૭(૨) મુજબ આપવામાં આવેલ કારણદર્શક નોટીસ કે મનાઈ કે અન્ય કોઈ નોટીસ આપી હોય તો તેની નકલ આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આઉટ વર્ડ/નં. ૯૫૩ તા. ૧૩–૧–૧૨ થી નિયત સમય અવધિમાં " રાંદેરઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવામાં, જહાંગીરપુરાના રે.સ.નં. ૧૦૦/૪, બ્લોક નં. ૧૧૬ માં ગેરકાયદેસર બાંધકામ બાબતે આપની અરજી સંદર્ભે, સ્થળ પર ફાઉન્ડેશનનું બાંધકામ બંધ કરવામાં આવેલ છે. જે હાલમાં બંધ છે વધુમાં આ બાબતે કોઈ નોટીસ આપવામાં આવેલ નથી. " તેવું જણાવેલ.

જે અંગે અરજદારને મૂળ માહિતી માંગતી અરજીથી માંગેલ વિગતો જણાવેલ ન હોઈ તે તથા ફી ની વિગતો પણ જણાવેલ ન હોઈ તે રજૂ કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૩–૩–૧૨ના પૂરક પત્રમાં જણાવેલ છે કે આપના કચેરીનો તા. ૫–૩–૧૨ના રોજનો પત્ર હમોને તા.૧૨–૩–૧૨ના રોજની સાંજના ટપાલમાં સાંજે ૪ઃ ૩૦ વાગ્યે મળ્યો છે જેમાં આપે મંગાવેલ મૂળ માહિતી માંગતી અરજી તથા ફીની રસીદ સાથે રજૂ કરેલ છે તેવું જણાવેલ.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૪–૨–૧૨ ધ્યાને લેતાં ૨૪–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૮–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૪–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની નિર્દિષ્ટ અરજીઓ અંગે કરેલ કાર્યવાહીની માહિતી આપેલ છે પરંતુ તે અંગેના રીપોર્ટની નકલ આપેલ ન હોઈ, તેની દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણવવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ડે.કમિ. અને ત.જાહેર માહિતી અધિકારી– રાંદેરઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રીમતી કૈલાસબેન ઈશ્વરલાલ પટેલ,